# વાઈલ્ડ લાઈફ અને બર્ડ ફોટોગ્રાફીનો

## રોમાંચ અનુભવતી સન્નારીઓ

**એક સમય એવો પણ હતો કે જ્યારે સુરત સિટીમાં બહુ જૂજ સ્ત્રી ફોટોગ્રાફર હતી. આ ક્ષેત્ર પુરુષોનું હોવાનું જ માનવામાં આવતું. જો કે હવે તો સુરત સિટી અને તેને સરાઉન્ડિંગ એરિયામાં મહિલા ફોટોગ્રાફર્સ જોવા મળે છે પણ તેમની સંખ્યા હજી પણ બહુ વધારે નથી. તેમાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરતી ફિમેલ્સ વિશે 12-15 વર્ષ પહેલાં કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. જો કે દસેક વર્ષમાં આ ચિત્ર પણ બદલાયું છે. સુરતમાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરતી ફિમેલ્સ પોતાની એક અલગ ઓળખ ઊભી કરી રહી છે. તેઓ માત્ર શાનદાર, જાનદાર ફોટોઝ કેપ્ચર કરે છે એવું નથી પણ તેઓ વાઈલ્ડ લાઈફ સંરક્ષણનું કાર્ય પણ ફોટોગ્રાફીના માધ્યમથી કરે છે. તમે બર્ડ્ઝની કે વન્ય જીવોની ફોટોગ્રાફી કરો ત્યારે તમારે તે પક્ષી કે તે વન્ય જીવની દરેકે દરેક મુવમેન્ટ પર બાજ નજર રાખવી પડે છે અને ક્ષણ વારમાં જ જેવો ફોટો જોઈએ તેવો કેપ્ચર કરવો પડે છે. બર્ડ્ઝ કે એનિમલ્સની ફોટોગ્રાફી માટે ખાસ એંગલ પકડવા કલાકો રાહ જોવી પડે છે અને તેમાં જ ધૈર્યની કસોટી થાય છે. સુરતમાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરતી ફિમેલ્સે આ ગુણ કેળવી લીધો છે. જ્યારે તેઓ જંગલમાં વાઘ, સિંહની ફોટોગ્રાફી કરતી હોય ત્યારે તેમને કેવું ફીલ થાય છે, આવા વન્ય જીવોની ફોટોગ્રાફી કરતા સમયે તેમને ડર લાગે છે ખરો? તેઓ ફોટોગ્રાફી કરવા એકલા જાય ત્યારે તેઓ કઈ બાબતોનું ધ્યાન રાખે છે, શું તેઓ વાઈલ્ડ લાઈફની રજેરજની માહિતી મેળવવા જીઓલોજીમાં ઊંડી ઊતરી તેને કરિયર બનાવે છે ખરા? તેની ડિટેલ્સમાં માહિતી આપણે આ ફિલ્ડની મહિલા ફોટોગ્રાફર પાસેથી જાણીએ...**

### હું ડાંગના જંગલમાં ખોવાઈ ગઈ હતી ત્યારે રડમસ થઈ હતી, એક સાથે 12 ટાઇગર જોવાનો અનુભવ યાદગાર: ડૉ. નેહા જરીવાળા



‘‘મારા હસબન્ડને ફોટોગ્રાફીનો શોખ છે. લગ્ન બાદ તેઓ મને બર્ડ ટ્રીપ પર લઈ જતાં. ત્યાં આકર્ષક બર્ડ્ઝ જોઈને મને બર્ડ ફોટોગ્રાફીની ઇચ્છા જાગી. હવે હું દર રવિવારે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે હસબન્ડ સાથે નજીકના જંગલમાં જાઉં છું.’’ કાંઈક આ રીતે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીના શોખ વિશે વાતોની શરૂઆત વ્યારામાં રહેતાં 35 વર્ષીય નેહા જરીવાળાએ કરી હતી. તેમણે જણાવ્યું કે, ‘‘અમે હસબન્ડ- વાઈફ પહેલાં વ્યારા ટાઉનશીપમાં રહેતાં હતાં ત્યાં અમારા ઘરની બારી પાસે એશિયન પેરેડાઈઝ ફ્લાય કેચર બર્ડ્ઝ વારંવાર આવતું. તે દેખાવે ખૂબ અટ્રેક્ટિવ, તેની મેં મારા મોબાઈલ ફોનથી ફોટોગ્રાફી કરી હતી જે મારો ફોટોગ્રાફીનો ફર્સ્ટ અનુભવ રહ્યો. પછી અમે હસબન્ડ- વાઈફ રણથંભોર ટાઇગર ફોટોગ્રાફી માટે ગયા હતા ત્યારે મેં એકસાથે 12 ટાઈગરને જોયા હતા. તેમની મેં સ્કિલ ફોટોગ્રાફી કરી ત્યારનો અનુભવ અદભુત રહ્યો હતો. તમે ટાઇગર કે અન્ય એનિમલ્સની ફોટોગ્રાફી કરો ત્યારે મોબાઈલ ફોન બહુ નજીક લઈ જઈને ફોટો કેપ્ચર નહીં કરવાનો અને અવાજનું ડિસ્ટર્બન્સ નહીં થાય તેની કાળજી લેવી પડે. અમે પનવેલ, વઢવાણા લેક, ભરતપુર બર્ડ સેન્ચ્યુરી, જામનગર, ખીજડિયા, દામકા લેક, ડાંગમાં મહેલ સાઇટ જઈએ. એક વાર અમે હસબન્ડ- વાઈફ એકલા ડાંગમાં ફોટોગ્રાફી કરવા ગયાં હતાં. ત્યારે હું બર્ડ ફોટોગ્રાફીમાં એટલી ઓતપ્રોત થઈ ગઈ હતી કે મને ખ્યાલ જ નહીં આવ્યો કે હું હસબન્ડથી વિખૂટી પડી ગઈ છું. મોબાઈલ પણ નેટવર્ક કવરેજમાં નહોતો. 10 મિનિટ રડમસ સ્થિતિમાં ગઈ હતી. એ અનુભવ જિંદગીભર માટે યાદગાર અનુભવ બની ગયો છે. હું મોબાઈલ ફોનથી અને પ્રોફેશનલ કેમેરાથી પણ ફોટોગ્રાફી કરું છું. મારી પાસે canon r7 mirrorless કેમેરા છે.’’

### 13-14 વર્ષની હતી ત્યારથી ફોટોગ્રાફીનો શોખ છે, બર્ડ્ઝ, એનિમલ્સના સારા ફોટા માટે કલાકો રાહ જોવી પડે: મોનિકા વ્યાસ



‘‘હું 10 વર્ષથી ફોટોગ્રાફી કરું છું. કોઈ પક્ષી કે કોઈ એનિમલનો તમે પર્ટીક્યુલર એંગલથી ફોટો લેવા માંગતા હો ત્યારે કલાકો રાહ જોવી પડે. ક્યારેક એવું પણ બને કે તમે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે દૂર દૂર સુધી ગયા હો અને એક પણ ફોટો કેપ્ચર કર્યા વગર ખાલી હાથ પાછા ફરો.’’ આ શબ્દો છે કતારગામ વિસ્તારમાં રહેતાં 28 વર્ષીય મોનિકા વ્યાસના. તેઓ હાઉસ વાઈફ છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા ફાધર નેચર લવર છે. બાળપણમાં તેમની પાસેથી વાઈલ્ડ લાઈફ વિશે ઘણું બધું જાણતી. 13-14 વર્ષની હતી ત્યારે મારા ફાધરે મને કેમેરા લઈ આપ્યો હતો અને તેનાથી મેં ફર્સ્ટ ફોટો હું ગામડે ગઈ ત્યાં એક કેટનો કેપ્ચર કર્યો હતો. બસ ત્યારથી મેં ફોટોગ્રાફીની દુનિયામાં પગ માંડ્યા. મેં ગવિયર લેક, હજીરા રોડ, નળ સરોવર, ડાંગ, ગીરમાં પક્ષી અને વાઘ સહિતના એનિમલ્સની ફોટોગ્રાફી કરી છે. પક્ષીઓની ફોટોગ્રાફી કરતા કરતા મેં એક વાત નોંધી છે પહેલાં ઘણાં ફ્લેમિંગો સુરતમાં જોવા મળતાં તેની સંખ્યા હવે ઘટી છે. વાઈલ્ડ ફોટોગ્રાફી મેં શોખ પૂરતી મર્યાદિત રાખી છે કેમ કે મારી દીકરી નાની છે એટલે હું ફોટોગ્રાફી કરવા દૂર દૂર સુધી નથી જઈ શકતી. જો કે મારા મધર ફાધર, મારા હસબન્ડ, મારા ઇન્લોઝ મારા શોખને પૂરો કરવા માટે ઘણો સપોર્ટ કરે છે. નળ સરોવર કે ગીર કે ડાંગ જવું હોય ત્યારે મારા હસબન્ડ મારી સાથે આવે અને મને પ્રોત્સાહન આપે. જ્યારે કોઈ પક્ષી ઊડતું હોય કે ફિડિંગ કરતું હોય કે મેટિંગ કરતું હોય ત્યારે ફોટોગ્રાફી કરવાનો અલગ જ અનુભવ મળતો હોય. વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે વાતાવરણ શાંત જોઈએ, જરા સરખો અવાજ પણ ન થવો જોઈએ નહીં તો પક્ષી ડિસ્ટર્બ થઈ જાય. ધૈર્યનો ગુણ તમને આવી ફોટોગ્રાફી શીખવી જાય છે. હું Canon 600d Lens 150-600 mm કેમેરાથી ફોટોગ્રાફી કરું છું.’’



એલિસ પરમાર



ડૉ. નેહા જરીવાળા



કૃપા પટેલ



સુહાસિની મૌર્યા



મોનિકા વ્યાસ







વિધિ પટેલ

### હું તો પક્ષીઓના વિષય પર Ph.D કરું છું, પક્ષીઓના કન્ઝર્વેશનના ઉદ્દેશથી ફોટોગ્રાફી કરું છું: એલિસ પરમાર



અમરોલી વિસ્તારમાં રહેતાં 27 વર્ષીય એલિસ પરમાર વ્યવસાયે પ્રોફેસર છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું B.Sc. ની સ્ટડી કરતી હતી ત્યારથી મને પક્ષીઓ વિશે જાણવું, જોવું તેમાં ઇન્ટરેસ્ટ રહ્યો છે. મને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરવાનો શોખ છે પણ હું પક્ષીઓના કન્ઝર્વેશનના ઉદ્દેશથી આ શોખ રાખું છું. હું પક્ષીઓની કઈ પ્રજાતિ પર્ટીક્યુલર કયા વિસ્તારોમાં રહે છે, તળાવોના સરાઉન્ડિંગમાં રહે છે કે માઉન્ટન પર વગેરેનો ગહન અભ્યાસ કરું છું. વડોદરામાં સ્થિત વઢવાણા લેક સ્ટડી ટૂર માટે ગયા હતાં ત્યાં મેં ફર્સ્ટ ટાઈમ સુંદર મજાના કિંગફિશર પક્ષીની ફોટોગ્રાફી કરી હતી. પક્ષી ગણતરીમાં ભાગ લેવા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતની કેટલીક જગ્યાઓ પર ગઈ છું. મેં જે અભ્યાસ કર્યો છે તેના પરથી મને ખ્યાલ આવ્યો છે કે પહેલાં આપણાં ઘરોમાં ચકલી આવતી તે હાઉસ સ્પેરોની સંખ્યા ઘટી ગઈ છે એનું કારણ હવેના કન્સ્ટ્રક્શનમાં બારીઓને જાળીથી પેક કરી દેવાય છે. એક સમયે ઘરોની બાલ્કનીઓ મોટી રહેતી, આંગણું ખુલ્લું રહેતું જે ફ્લેટ સિસ્ટમમાં રહ્યું નથી. વળી, હવે તેમને શહેરોમાં માળો બનાવવા માટેનું સૂકું ઘાસ વગેરે નથી મળતું. ગીધ પક્ષીની સંખ્યા પણ ઘટતી જાય છે. હું સુરત સિટીમાં ગવિયર લેક, ડુમસ ઉપરાંત નવસારી, ડાંગ, કચ્છનું નાનું રણ, નળ સરોવર, ગાંધી સાગર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી, ત્રિવેન્દ્રમમાં કોસ્ટલ એરિયામાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે ક્યારેક ગ્રુપમાં તો ક્યારેક એકલી પણ ગઈ છું. હું હાઈ મેગા પિક્સલ કેમેરાથી ફોટોગ્રાફી કરું છું. મારી પાસે Canon 7000 with 100-400 mm lens કેમેરા છે. જયારે રૂટિનથી કંટાળી જાઉં છું ત્યારે મારા કેમેરા સાથે નેચર તરફ વળું અને ફોટોગ્રાફી કરીને હું શાંતિનો અનુભવ કરી લઉં છું. હું તો પક્ષીઓના વિષય પર Ph.D કરી રહી છું. મારા આ શોખ માટે મારા પેરેન્ટ્સનો મને ફૂલ સપોર્ટ મળે છે.’’

### હું સાપની ફોટોગ્રાફી કરું છું પછી તેને લઈને અવેરનેસના પ્રોગ્રામ કરાવું છું: કૃપા પટેલ



‘‘લોકો સાપથી ડરે છે અને તેને લઈને લોકોમાં એવી ગેરમાન્યતા પણ ફેલાયેલી છે કે સાપ દૂધ પીએ છે, તે સામેથી દંશ મારે છે. આ બધાને લઈને મને પણ સ્નેક્સ (સાપ)માં ઇન્ટરેસ્ટ જાગ્યો હતો અને હું તેની ફોટોગ્રાફી કરી તેને લઈને લોકોની ખોટી માન્યતાઓને બદલવાના પ્રયાસોના ભાગરૂપે અવેરનેસના પ્રોગ્રામ કરું છું.’’ આ શબ્દો છે વરાછા વિસ્તારમાં રહેતી 24 વર્ષીય કૃપા પટેલના. કૃપા વિઝિટિંગ લેક્ચરર છે. આ ઉપરાંત W.W.F. (વર્લ્ડ વાઈલ્ડ ફંડ ફોર નેચર) નામના N.G.O. માં ફ્રી લાન્સર તરીકે સેવા આપે છે. કૃપાએ જણાવ્યું કે, ‘‘હું સ્કૂલ, કોલેજોમાં, ગામડાંઓમાં સ્નેક્સને લઈને અવેરનેસના પ્રોગ્રામ કરું છું. કયા એરિયામાં કયા ઝેરીલા સાપ હોય છે, તેઓ દંશ આપે તો શું કરવું તેને લઈને લોકોમાં જાગૃતિ ફેલાવું છું. મને સાપની ફોટોગ્રાફી કરતી વેળા કોઈ ડર નથી લાગતો કારણ કે સાપને જ્યાં સુધી તમે છંછેડો નહીં ત્યાં સુધી તે તમને કાંઈ નહીં કરે. મેં જ્યારે ફર્સ્ટ ટાઈમ મધ્ય પ્રદેશમાં ટાઈગરની ફોટોગ્રાફી કરી હતી ત્યારે તો હું એકદમ રોમાંચિત થઈ ગઈ હતી. મારું ડ્રીમ હતું કે હું એકલામાં ટાઈગરની ફોટોગ્રાફી કરું અને જ્યારે તે તક મને મળી મારાં રૂંવાડાં ખડાં થઈ ગયાં હતાં. હું એટલી રોમાંચિત થઈ ગઈ હતી. ચોકબજારમાં સ્થિત કિલ્લામાં જઈને પક્ષીઓની ફોટોગ્રાફી પણ કરું છું. મને મારા પેરેન્ટ્સનો ખૂબ સપોર્ટ મળે છે. હવે તો મારા ફાધર પણ કયો સાપ છે તે ઓળખી બતાવે છે. હું Canon 5d mark 1V કેમેરાથી ફોટોગ્રાફી કરું છું.’’

### વરસાદમાં ફોટોગ્રાફી કરવામાં મુશ્કેલી પડે છે, વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે ભૂતાન પણ ગઈ છું: વિધિ પટેલ



‘‘બર્ડ્ઝની ફોટોગ્રાફી કરવા માટે કેમેરાની જરૂર પડે. કોઈ ઇન્સેક્ટની ફોટોગ્રાફી મોબાઈલ ફોનથી કરી શકાય.’’ આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતી 23 વર્ષીય વિધિ પટેલના. વિધિ અત્યારે મહારાષ્ટ્રમાં પુણેમાં સ્ટડી કરી રહ્યાં છે. વિધિએ જણાવ્યું કે, ‘‘હું પુણેમાં માસ્ટર્સ ઇન વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશનની સ્ટડી કરી રહી છું. 10મા ધોરણ પછી નેચર ક્લબ દ્વારા આયોજિત મનાલીની ટ્રીપ પર ગઈ હતી ત્યાં તેમના વોલન્ટીયર્સ સાથે બર્ડ્ઝની ફોટોગ્રાફી કરી હતી. બસ ત્યારથી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં મને ઇન્ટરેસ્ટ પડવા લાગ્યો. મેં હમણાં જ વાંસદામાં ચિત્તા (લેપર્ડ)ની ફોટોગ્રાફી કરી હતી. કુર્ગમાં મેં ઇન્સેક્ટની ફોટોગ્રાફી કરી છે. તો ભૂતાનમાં બર્ડ્ઝની ફોટોગ્રાફી કરી છે. ડાંગમાં હું દર બે મહિને એક વાર ફોટોગ્રાફી કરવા જાઉં છું. હમણાં આખા મોન્સૂન દરમિયાન ડાંગમાં જ ફોટોગ્રાફી કરી હતી. વરસાદ પડતો હોય, લાઇટ નહીં હોય ત્યારે કેમેરામાં લાઈટ નહીં આવે એવામાં ફોટોગ્રાફી કરવામાં ઘણી ડિફિકલ્ટીઝ ફેસ કરવી પડે છે. મેં ચિબરી, ચોગન, બટર ફ્લાય, મોથ, ડ્રેગન ફ્લાયની, વોટર બર્ડ્ઝની ફોટોગ્રાફી પણ કરી છે. લેપર્ડ, હરણની ફોટોગ્રાફી કરવાનું બહુ રોમાંચક લાગ્યું હતું. ઇન્સેક્ટની ફોટોગ્રાફી કરવી હોય ત્યારે તમારા ધૈર્યની પરીક્ષા થાય. ઇન્સેક્ટ બહુ નાનું હોય તેનું બીહેવિયર જોવા કલાકો સુધી નોટિસ કરવું પડે. મને મારાં પેરેન્ટ્સનો સપોર્ટ ઘણો સારો મળે છે. હવે તો મારા ફાધર પણ મારી સાથે બર્ડિંગ કરે. હું Nikon coolpix p900 point and shoot કેમેરાથી ફોટોગ્રાફી કરું છું.’’

### વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં ઇન્ટરેસ્ટ છે એટલે જ ઝૂ લોજીની સ્ટડી કરી રહી છું: સુહાસિની મૌર્યા



‘‘હું નાની હતી ત્યારે નેશનલ જીઓગ્રાફી ડિસ્કવરી ચેનલ જોતી હતી, બસ તેના પરથી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરવા લાગી. હું મોબાઈલ ફોનથી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરું છું.’’ આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતાં 25 વર્ષીય સુહાસિની મૌર્યાના. ઝુલોજીમાં માસ્ટર્સ કરી રહેલાં સુહાસિની મૌર્યાએ જણાવ્યું કે, ‘‘મને વાઈલ્ડ લાઈફમાં ઇન્ટરેસ્ટ છે એટલે જ હું ઝૂ લોજી કરી રહી છું. વળી, બર્ડ્ઝના ફોટા કેપ્ચર કરવાની મજા એટલા માટે પણ આવે કેમ કે તે કલરફુલ અને ક્યૂટ લાગતાં હોય. હું 8-10 વર્ષથી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરી રહી છું. પહેલાં ગાર્ડનમાં કાચિંડા બહુ જોવા મળતા પણ મેં નોટિસ કર્યું છે કે તેની સંખ્યા હવે ઘટી છે. બટરફ્લાય, કરોળિયા, ફ્રોગ્સ, સ્નેક્સ આમની ફોટોગ્રાફી કરવા ઉપરાંત તેમના બીહેવિયરને જાણવામાં મને ઇન્ટરેસ્ટ પડે છે. મેં સુરતમાં ગવિયર લેક, નળ સરોવર, નડાબેટ અહીં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરી છે. હું લોકોને એનિમલ્સ વર્લ્ડ વિશે જણાવવા માંગું છું કે માણસની વિચાર બહાર પણ વાઈલ્ડ લાઈફ પણ એક દુનિયા છે, અને એટલે જ હું તેમાં કરિયર બનાવવા માંગું છું. હું જ્યારે ફોટો કેપ્ચર કરું ને ત્યારે મારા જ પાડેલા ફોટાને હું વારંવાર જોતી હોઉં છું અને તેમાં મને ખુશી મળતી હોય છે. હું વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે અર્લી મોર્નિંગ જાઉં છું, કેમ કે ત્યારે લોકોની અવરજવર ઓછી હોય એટલે શાંત વાતાવરણમાં કોઈ પણ ડિસ્ટર્બન્સ વગર ફોટોગ્રાફી થઈ શકે છે.’’

**વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરવી સરળ નથી. તમારે નેચર સાથે કનેક્ટ થવા જંગલોમાં પણ ભટકવું પડે અને વરસાદ હોય કે તડકો તેનો માર પણ સહન કરવો પડે. કોઈ વન્યજીવના કોઈ ખાસ બીહેવિયરનો ફોટો કેપ્ચર કરવાનો હોય ત્યારે કલાકો સુધી રાહ જોવી પડે. જે ઘણું અઘરું છે પણ સુરતની નીડર ફિમેલ્સે આ બીડું પણ ઝડપી લઈ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં પોતાનું આગવું સ્થાન બનાવવા લાગી છે.**